EDIIના કોન્વોકેશનમાં રાજ્યકક્ષાના નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી અર્જૂન રામ મેઘવાલે કહ્યું કે,

# ભારતમાં સીએસઆર એક્ટિવિટીને વેગ મળશે તો પાયાના વ્યક્તિનો ગ્રોથ થશે

## ઈડીઆઈઆઈનો 18મા પદવીદન સમારોહમાં 98 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ

સિટી રિપોર્ટર @ahm_cb

edu talk

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા(ઈડીઆઈઆઈ)નો 18મું કોન્વોકેશન શનિવારે ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે યોજાઈ ગયુ.જેમાં પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ-બિઝનેસ આંત્રપ્રિન્યોરશીપમાં 75 વિદ્યાર્થીઓને અને ડિપ્લોમાં સર્ટિફિકેટ, ડિપ્લોમાં પ્રોગ્રામ ડેવલપમેન્ટ સ્ટડીઝના 23 વિદ્યાર્થીઓ સાથે કુલ 98 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ હતી. કોન્વોકેશનન ચીફ ગેસ્ટ તરીકે ભારત સરકારના રાજ્યકક્ષાના નાણા અને કોર્પોરેટ બાબતોના પ્રધાન અર્જૂન રામ મેઘવાલે હાજરી આપી વિદ્યાર્થીઓને મોટીવેશનલ સ્પીચ આપી હતી. તેમણે ઈડીઆઈઆઈના ગવર્મેન્ટ બોડી અને ઈડીઆઈઆઈની ડિરેક્ટર દ્વારા ઈડીઆઈઆઈ દ્વારા 2018માં આંત્રપ્રિન્યોરશીપને વેગ આપવા માટેની નવી નિતિ વિશે ચર્ચા કરી હતી.

વિદ્યાર્થીઓને મોટીવેશનલ સ્પીચ આપતાં અર્જૂન રામ મેઘવાલે કહ્યું કે, 'બિઝનેસમાં નૈતિકના પાઠ શીખવા પણ જરૂરી છે. આપણે ત્યાં ગ્રોથની વાત પહેલા થાય છે પણ ગ્રોથની સાથે કોઈ પણ કંપનીની સામાજિક જવાબદારી પણ સ્વીકારવી જોઈએ. બિઝનેસ સ્ટડીઝમાં સીએસઆર એક્ટિવિટી જેવી પ્રવૃતિઓને પણ સ્થાન આપવુ જોઈએ.જો ભારતમાં સીએસઆર એક્ટિવિટને વેગ મળશે તો ભારતના પાયાના વ્યક્તિનો ગ્રોથ થશે.'



ઈડીઆઈઆઈમાં કોન્વોકેશનમાં પદવી મળ્યાં બાદ ઉત્સાહિત સ્ટુડન્ટ્સ.